| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 10/11/2022 |
| PAGE: | 1 |

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ્સ એન્ડ ડિઝાઇનના ડિરેક્ટર પ્રોફેસર તુલિકા ગુપ્તાએ કહ્યું,

# આપણે ઉદ્યોગસાહસિકતાની માનસિકતા ધરાવતા લોકોને માર્ગ દર્શાવવાની જરૂર છે

## EDII દ્વારા 'નેશનલ આંત્રપ્રિન્યોરશિપ દિવસ'ની ઉજવણી કરવામાં આવી

સિટી લાઇફ | આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ) કેમ્પસમાં નેશનલ આંત્રપ્રિન્યોરશિપ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સના પ્રતિનિધિઓ અને યુવાન ઉદ્યોગસાહસિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. 'શાળાના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહિસકતા' ચર્ચાનો મુખ્ય વિષય રહ્યો હતો. દેશના ભવિષ્ય સમાન બાળકોના મનમાં ઉદ્યોગસાહસિકતાના બીજ રોપવા માટે આ વિષય નક્કી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઇન્ટરેક્શન ઉપરાંત વિદ્યાર્થીઓની અંદર રહેલી ઉદ્યોગસાહસિકતાની સંભાવનાનું મૂલ્યાંકન કરવા સાયકોમેટ્રિક ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય સ્પીકર તરીકે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ્સ એન્ડ ડિઝાઇનના ડિરેક્ટર પ્રોફેસર તુલિકા ગુપ્તા તેમજ અભિષેક જૈન હાજર હતા. અભિષક જૈનનું સ્ટાર્ટઅપ ગુજરાતમાં એકમાત્ર સ્ટાર્ટઅપ છે, જેનું આઇપીઓમાં લિસ્ટિંગ થશે. આ અંગે વાત કરતા ડો. તુલિકા ગુપ્તાએ કહ્યું કે, ભારત કળા, કૌશલ્ય, સક્ષમતા અને ઉદ્યોગસાહસિકતા તરફ વધારે ઝુકાવ ધરાવતી ભૂમિ છે. આપણે ઉદ્યોગસાહસિકતાની માનસિકતા ધરાવતા લોકોને માર્ગ દર્શાવવાની જરૂર છે, જે માટે ઉદ્યોગસાહસિકતાનું શિક્ષણ મહત્ત્વપૂર્ણ બની જાય છે. હું યુવાનોને તેમની આસપાસ સમસ્યાઓનું સમાધાન કરવા ઉદ્યોગસાહસિકતાનો અભિગમ પ્રદર્શિત કરવા પ્રોત્સાહન આપું છું. જ્યારે સારા વિચારોને પોષણ આપવાની, યુવાનોને તાલીમ આપવાની અને તેમને મદદ કરી ટેકો આપીને સફળ નવા ઉદ્યોગસાહસિકો બનાવવાની વાત આવે છે, ત્યારે ઇ ડીઆઇઆઇ પ્રશંસનીય કામગીરી કરી રહી છે.






### યંગસ્ટર્સને દિશાદર્શન આપવાથી ઉદ્યોગસાહસિકતાનાં મૂલ્યોથી વાકેફ કરી શકાય

"અત્યારે યુવાનો નવા વિચારોથી વાકેફ છે અને ઘણી વાર આ પ્રકારના વિચારો ધરાવે છે. તેમને થોડું માર્ગદર્શન અને દિશાદર્શન આપવાથી તેમને ઉદ્યોગસાહસિકતાનાં મૂલ્યો અને સક્ષમતાથી વાકેફ કરી શકાય છે, જે તેમને ઉદ્યોગસાહસિકતા અપનાવવા જરૂરી અભિગમ કેળવવા પ્રેરિત કરી શકે છે. ઇડીઆઇઆઇને નવા ઉદ્યોગસાહસનું સર્જન કરવાના અને મેનેજમેન્ટ કરવાના માર્ગે અગ્રેસર કરવા મદદરૂપ થવા ઉચિત કુશળતાઓ સાથે સજ્જ કરીને સંભવિત ઉદ્યોગસાહસિકતા પ્રદાન કરીને દેશના સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતાના કલ્ચરને વેગ આપવા એનો ભાગ બનવાની ખુશી છે.

\- ડો. સુનીલ શુક્લા, EDII ડિરેક્ટર

### સિટીની ત્રણ સ્કૂલને બેસ્ટ બિઝનેસ આઇડિયાનો એવોર્ડ એનાયત કરાયો

આ કાર્યક્રમમાં વ્યવહારિક વ્યવસાયિક વિચારોની પસંદગીથી લઇને અમદાવાદની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ પાસેથી એન્ટ્રી મંગાવવાની મુખ્ય કામગીરી થઇ હતી. અહીં નવીનતા, વ્યવહારિકતા અને ટેકનિકલ ક્ષમતાના માપદંડો પર અમદાવાદની ત્રણ શાળાઓના વિચારોની પસંદગી થઇ હતી. આ વિચારોને બેસ્ટ બિઝનેસ આઇડિયાનો એવોર્ડ એનાયત થયો હતો. જેમાં, બોપલની દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલ અને શ્રી નારાયણ સેન્ટ્રલ સ્કૂલ હતા. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના આશરે ૪૦૦ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. શિક્ષાવિદો સાથે ખુલ્લી ચર્ચામાં વિદ્યાર્થીઓ વચ્ચે ઉદ્યોગસાહસિકતાને વ્યાપક રીતે વેગ આપવા પર્યાપ્ત જરૂરિયાતો અને તેનો અમલ કરવા વિશે ચર્ચા થઇ હતી.